


# પ્રથમ તબક્કામાં ૨૦૧૪ કરતાં ઓછું મતદાન

## મતદાન બાદ જીતના ભાજપ-કોંગ્રેસના દાવા : ઉત્તરપ્રદેશ અને બિહાર તેમજ મહારાષ્ટ્રમાં ૨૦૧૪ કરતા ઓછુ મતદાન થતાં તર્કવિતર્કોનો દોર : સસ્પેન્સની સ્થિતિ

નવી દિલ્હી,તા. ૧૨

૨૦ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૯૧ સીટ ઉપર પ્રથમ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. માહોલ કયા તરફી હતો તેને લઈને ચર્ચા ચાલી રહી છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાનીરીતે દાવા કરવામાં આવી રહ્યા છે પરંતુ આ અંગે કોઈપણ નક્કરપણે કહેવાની સ્થિતિમાં નથી. પરિણામ આવ્યા બાદ જ કોની સરકાર બનશે તે અંગે જાણી શકાશે પરંતુ એકંદરે જોરદાર જાગૃત્તિ ઝુંબેશ ચાલી હોવા છતાં ૨૦૧૯માં મોટાભાગે પ્રમાણમાં ઓછું મતદાન નોંધાયું છે. આને લઈને પણ રાજકીય પંડિતો કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. જો કે પોતપોતાના દાવા કરવામાં આવી રહ્યા છે.

ઉત્તરપ્રદેશની આઠ સીટ ઉપર આ વખતે ૬૩.૭ ટકા મતદાન થયું છે જે ૨૦૧૪માં મોદી લહેર વચ્ચે ૬૫.૬ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. આવી જ રીતે મહારાષ્ટ્રની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં ઓછું મતદાન થયું છે. અહીં ૨૦૧૪માં ૬૩.૮ ટકા જ્યારે આ વખતે ૫૬ ટકા જેટલું મતદાન થયું છે. મોટાભાગના રાજ્યોમાં અગાઉની સરખામણીમાં ઓછા મતદાન સાથે હિલચાલ શરૂ થઈ ચુકી છે. મોટાભાગના પક્ષો પોતપોતાના જીતના દાવા કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં આઠ બેઠકો ઉપર પ્રથમ તબક્કામાં મતદાન થયું છે. દક્ષિણ ભારતની સીટો ઉપર પણ આવી જ સ્થિતિ રહી છે. કેટલાક પંડિતો એમ પણ કહે છે કે, ઉંચા મતદાનની સ્થિતિમાં ભાજપને ફાયદો થાય છે જ્યારે આની વિરુદ્ધમાં કેટલાક પરિણામો રહી ચુક્યા છે. વિતેલા વર્ષોમાં ઓછા મતદાનની સ્થિતિમાં પણ શાસક પક્ષની જીત થઈ છે જેથી કોઈપણ પ્રકારની ગણતરી અને અંદાજ કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. એક તબક્કાના મતદાન બાદ જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા ઉંચા મતદાનની ખાતરી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

વડાપ્રધાન મોદી પોતે પ્રથમ તબક્કાના મતદાન પહેલા જ રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા લોકોને કહ્યું હતું. સાથે સાથે ચૂંટણી પર્વમાં ભાગ લેવા માટે અપીલ કરી હતી. જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આમા લાગેલી છે. જાગૃત મતદારો પણ અન્યોને મતદાન માટે અપીલ કરતા રહે છે પરંતુ પ્રથમ તબક્કામાં મતદાનથી નિરાશા હાથ લાગી છે અને પ્રમાણમાં ઓછુ મતદાન થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે. બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે.

## ક્યાં કેટલું મતદાન : સત્તાવાર આંકડા

૨૦ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૯૧ સીટ ઉપર પ્રથમ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. માહોલ કયા તરફી હતો તેને લઈને ચર્ચા ચાલી રહી છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાનીરીતે દાવા કરવામાં આવી રહ્યા છે પરંતુ આ અંગે કોઈપણ નક્કરપણે કહેવાની સ્થિતિમાં નથી. ક્યા કેટલું મતદાન થયું તે અંગે ચૂંટણી પંચે સત્તાવાર આંકડા જારી કર્યા છે.

| રાજ્ય | બેઠક | મતદાન (૨૦૧૯) | મતદાન (૨૦૧૪) |
|---|---|---|---|
| ત્રિપુરા | ૧ | ૮૧.૮ | ૮૫.૪ |
| બંગાળ | ૨ | ૮૧ | ૮૨.૭ |
| મણિપુર | ૧ | ૭૮.૨ | ૮૪.૧ |
| નાગાલેન્ડ | ૧ | ૭૮ | ૮૭.૮ |
| આંદામાન | ૧ | ૭૦.૭ | ૭૦.૬ |
| સિક્કિમ | ૧ | ૬૯ | ૮૦.૮ |
| આસામ | ૫ | ૬૮ | ૭૮.૬ |
| ઓરિસ્સા | ૪ | ૬૮ | ૭૪.૬ |
| મેઘાલય | ૨ | ૬૭.૨ | ૬૮.૮ |
| આંધ્રપ્રદેશ | ૨૫ | ૬૬ | ૭૮.૩ |
| અરુણાચલ | ૨ | ૬૬ | ૭૬.૬ |
| લક્ષ્યદ્વીપ | ૧ | ૬૬ | ૮૬.૬ |
| ઉત્તરપ્રદેશ | ૮ | ૬૩.૭ | ૬૫.૬ |
| તેલંગાણા | ૧૭ | ૬૦ | ૬૮.૮ |
| મિઝોરમ | ૧ | ૬૦ | ૬૦.૭ |
| ઉત્તરાખંડ | ૫ | ૫૭.૯ | ૬૧.૪ |
| મહારાષ્ટ્ર | ૭ | ૫૬ | ૬૩.૮ |
| છત્તીસગઢ | ૧ | ૫૬ | ૫૯.૩ |
| કાશ્મીર | ૨ | ૫૪.૫ | ૫૬.૬ |
| બિહાર | ૪ | ૫૦ | ૫૧.૮ |

## નરેન્દ્ર મોદી ફરી સત્તા પર આવે તો રાજકારણ છોડી દઈશ : એચડી રેવન્ના

ભૂતપૂર્વ વડા પ્રધાન એચ ડી દેવગૌડાના જ્યોતિષી પુત્ર અને કર્ણાટક રાજ્ય સરકારના એક પ્રધાન એચડી રેવન્નાએ એવો દાવો કર્યો હતો કે અંકશાસ્ત્રની દ્રષ્ટિએ નરેન્દ્ર મોદી ચૂંટણી હારી જવાના છે. નરેન્દ્ર મોદી ફરી સત્તા પર આવશે તો હું રાજકારણ છોડી દઈશ.

તેમણે એવો દાવો કર્યો હતો કે કર્ણાટકમાં ૧૮ એપ્રિલે મતદાન છે. આ આંકડો એનડીએ માટે અશુભ છે. નરેન્દ્ર મોદી ચૂંટણી હારી જશે. જો કે રેવન્નાએ એવી સ્પષ્ટતા કરી નહોતી કે ૧૮ નો આંકડો માત્ર કર્ણાટક પૂરતો લકી છે કે સમગ્ર દેશ માટે અને એનડીએ માટે જુદો સંદર્ભ ધરાવે છે. મિડિયા સાથે વાત કરતાં રેવન્નાએ ગજબના આત્મવિશ્વાસ સાથે કહ્યું કે તમે મારી આ ભવિષ્યવાણી ડાયરીમાં લખી લો. મારી ભવિષ્યવાણી ખોટી પડે અને મોદી ફરી જીતીને સત્તા પર આવે તો હું સદાને માટે રાજકાણ છોડી દઈશ. રેવન્નાએ એવો દાવો કર્યો હતો કે ૨૦૧૮માં પહેલીવાર ૧૮ના આંકડાનો જાદુ તમે જોયો હતો જ્યારે મારો નાનો ભાઈ કર્ણાટકનો મુખ્ય પ્રધાન બન્યો હતો. આઠ વત્તા એક એટલે નવ અને નવ અમારા માટે ખૂબ લકી રહ્યો છે. આ વખતે ૧૮ એપ્રિલે મતદાન છે અને ફરી એકવાર નવનો આંકડો જાદુ દેખાડશે.

## ૧૫૬ જેટલા પૂર્વ સૈનિકોએ પત્રમાં લખ્યું... 'સેનાનો રાજનૈતિક ઉપયોગ રોકો'

દેશના આઠ પૂર્વ સૈન્ય પ્રમુખોએ રાષ્ટ્રપતિને ચીઠ્ઠી લખીને સેનાના રાજનૈતિક ઉપયોગને રોકવાનો આગ્રહ કર્યો છે. સૈન્ય પ્રમુખે કહ્યું છે કે રાષ્ટ્રપતિ તમામ રાજનૈતિક દળોને કોઈપણ મિલિટ્રી એકશન અથવા ઓપરેશનનું રાજનીતિકરણ ન કરવા માટે નિર્દેશ આપે. પૂર્વ સેનાધ્યક્ષોની આ અપીલ પ્રથમ ચરણના મતદાનના થોડા કલાકો બાદ સાર્વજનિક થઈ ગઈ. પ્રાપ્ત વિગતો અનુસાર રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે '' મહોદય, રાજનેતા બોર્ડર પરની કાર્યવાહીઓ જેવીકે મિલિટ્રી ઓપરેશન્સની ક્રેડિટ લઈ રહ્યા છે અને આનાથી પણ બે પગલા આગળ જતા દેશની સેનાને મોદીજીની સેના ગણાવી રહ્યા છે, આ તદન અસામાન્ય અને અસ્વીકાર્ય છે.

જો કે પત્રમાં કોઈપણ ખાસ રાજનૈતિક દળ અથવા નેતાનું નામ નથી લખવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ઘણી જગ્યાઓ પર સેનાની કાર્યવાહીનો રાજનૈતિક ઉપયોગ થતો દેખાયો છે. સ્થિતી એ થઈ કે ખુદ ચૂંટણી આયોગને આ મામલે દખલ કરવી પડી અને સેના સાથે જોડાયેલા પોસ્ટરો તેમજ બેનરોના ઉપયોગ પર રોક લગાવવી પડી. મંગળવારના રોજ વડાપ્રધાન મોદીએ પ્રથમવાર વોટ આપનારા મતદારોથી બાલાકોટ એર સ્ટ્રાઈક અને પુલવામાના શહીદોને સમર્પિત કરવાનો આગ્રહ કર્યો હતો. આ સીવાય ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે પોતાના ભાષણમાં સુરક્ષા દળોને ''મોદીજીની સેના'' કહીને સંબોધિત કર્યા હતા.

રાષ્ટ્રપતિને પત્ર લખનારા લોકોમાં સેનાની જાણીતી હસ્તીઓનો સમાવેશ થાય છે.

## દિયોદર વિધાનસભા બેઠકમાં પરબતભાઈનો લોકસંપર્ક યોજાયો

દિયોદર, તા. ૧૨

બનાસકાંઠા બેઠકના ઉમેદવાર પરબતભાઈ પટેલે આજે દિયોદર વિધાનસભા ક્ષેત્રમાં એક કમળ નરેન્દ્રભાઈને અર્પણ કરવું. તેમણે ઉમેર્યું કે સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક જેવા બહાદુરીભર્યા પગલાઓને કારણે મતોની લીડથી વિજયી બનાવી અને કોંગ્રેસના સુપડા સાફ કરી નાખીએ. આ પ્રસંગે ડીસા માર્કેટના ચેરમેન માવજીભાઈ દેસાઈ,



આવતા મુખ્ય ગામોનો પ્રવાસ કરીને લોકસંપર્ક કર્યો હતો. તેમણે આજે લવાણા, ધુણસોલ, નાના કાપરા, ભીલડી, ધનકવાડા, પાલડી, ગોલવી અને દિયોદર ગામોનો પ્રવાસ કરીને જાહેર જનતા સાથે સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર દેશ જ્યારે નરેન્દ્રભાઈ મોદીને પુનઃ વડાપ્રધાન પદે બિરાજમાન કરવા આતુર છે ત્યારે બનાસકાંઠાની જનતા એ પણ નક્કી કરી લીધું છે કે અહીંથી પણ ભારત દેશ નરેન્દ્રભાઈ જેવા બાહોશ વ્યકિતત્વના હાથમાં સુરક્ષિત હોવાને સમગ્ર દેશના લોકો અહેસાસ કરી રહ્યા છે.

જિલ્લા ભાજપના પ્રમુખ અને પૂર્વમંત્રી ઠાકોર સમાજના અગ્રણી કેશાજી ચૌહાણે જણાવ્યું કે આપણે માત્ર એમ.પી. નથી ચૂંટવાના પણ પી.એમ.ને પણ ચૂંટવાના છે જેથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરબતભાઈ પટેલને બનાસકાંઠામાંથી જંગી લાખણી માર્કેટના ચેરમેન બાબુલાલ પાનકુટા, બનાસબેંકના ચેરમેન જીગરભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલને સમગ્ર જિલ્લામાંથી તમામ સમાજનું વ્યાપક સમર્થન મળતું જાય છે અને ઠેર ઠેર તેમનું ઉમળકાભેર સ્વાગત કરીને પ્રચંડ બહુમતીથી વિજય બનાવવા કટિબદ્ધ થયા છે.

## ભિલોડામાં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ભિલોડા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં આજ રોજ ભિલોડામાં ભાજપના ચૂંટણી કાર્યાલયને જિલ્લા ભાજપ પ્રમુખ



રણવીરસિંહ જે. ડાભીના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયું હતું.

આ પ્રસંગે તેમણે ઉપસ્થિત સૌ કાર્યકરોને જંગી બહુમતિથી ભાજપના લોકસભાના ઉમેદવારને વિજયી બનાવવા હાકલ કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વધુ એક વાર દેશનું સુકાન સંભાળવા જઈ રહ્યા છે ત્યારે આપણે અહીંથી આપણા ઉમેદવાર દિપસિંહ રાઠોડને વિજયી બનાવીને દિલ્હી મોકલવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ભિલોડા નગરના જન સંઘ સમયના વરિષ્ઠ આગેવાન વડીલ પ્રભાશંકર પંડયા, વિધાનસભા ઈન્ચાર્જ પી.સી. બરંડા, વિધાનસભા સહ-ઈન્ચાર્જ ગુલાબચંદભાઈ, જિલ્લા ઉપપ્રમુખ નીલાબેન મડીયા, હિંમતભાઈ પટેલ, રતનલાલ શાહ, દામુભાઈ પટેલ, મંડલ પ્રમુખ રમેશભાઈ રાવલ, મહામંત્રી ઈન્દ્રજીતસિહ રાઠોડ, આદીજાતી મોરચા પ્રમુખ અમૃતભાઈ બરંડા, આદીજાતી મોરચા મહામંત્રી શૈલેષભાઈ મોથલીયા, હસમુખભાઈ મડિયા, રાજુભાઈ નિનામા, મુકેશભાઈ મહેતા, મુકેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પંચાલ, ભવાનભાઈ ઠાકોર, કાનજીભાઈ ઠાકોર, લખાભાઈ ઠાકોર, સંકેત ચૌધરી, હિરેન રાવલ, ધવલ શર્મા, ગુંજન ચૌધરી સહિત ભિલોડા નગરની ભાજપની ટીમ તથા મોટી સંખ્યામાં હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ કાર્યકરોએ સ્વયંભૂ ઉત્સાહ દાખવીને આ વિસ્તારમાંથી દિપસિંહને માટે પુરી તાકાતથી કામે લાગી જવાનો સંકલ્પ કર્યો હતો તેમ લોકસભા મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલે જણાવ્યું હતું.

## 'ક્યોંકી મંત્રી ભી કભી ગ્રેજ્યુએટ થી' કોંગ્રેસ પ્રવક્તાનો સ્મૃતિ ઈરાની પર પ્રહાર

રાહુલ ગાંધી વિરુદ્ધ ઉત્તર પ્રદેશની અમેઠીથી લોકસભા ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પોતાના સોગંદનામા બાદ ફરીથી કોંગ્રેસના નિશાને છે, કોંગ્રેસ પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ સ્મૃતિ ઈરાનીના સોગંદનામામાં દર્શાવાયેલા એજ્યુકેશન પર ગીત ગાઈને નિશાન સાધ્યુ.

કેન્દ્રીય મંત્રી અને અમેઠી લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ ગુરુવારે ચૂંટણી પંચને આપવામાં આવેલા સોગંદનામામાં જણાવ્યુ કે તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પૂરુ કર્યુ નથી.

કોંગ્રેસ પહેલા પણ સ્મૃતિ ઈરાનીની ડિગ્રીને લઈને તેમને ઘેરતી રહી છે પરંતુ આ વખતે હવે સ્મૃતિએ જાતે જ ૧૨મુ પાસ જણાવ્યુ છે તો કોંગ્રેસ વધુ આક્રમક થઈ ગઈ છે. પાર્ટીની પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ આ વિશે તંજ કરતા રહ્યુ સ્મૃતિની ટીવી સિરીયલ ક્યોંકી સાસ ભી કભી બહુ થીની થીમ લાઈન પર કહ્યુ, ક્વોલિફિકેશનના પણ રૂપ બદલાય છે. નવા-નવા માળખામાં હોય છે. એક ડિગ્રી આવે છે અને એક ડિગ્રી જાય છે. એફિડેવિટ નવા બને છે. પ્રિયંકાએ પ્રેસ કોન્ફરન્સ કરી ગીત ગાઈને સ્મૃતિ પર નિશાન સાધ્યુ.

કોંગ્રેસ પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યુ કે ક્યોંકિ મંત્રી ભી કભી ગ્રેજ્યુએટ થી. આ તેમની જ ઓપનિંગ લાઈન હશે. પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યુ કે સ્મૃતિજીએ પોતાની એજ્યુકેશન ક્વોલિફિકેશનને લઈને એક બાબત નક્કી કરી છે કે કેવી રીતે ગ્રેજ્યુએટમાંથી ૧૨મા ધોરણના થઈ જવાય છે, આવુ મોદી સરકાર પાસે અને મોદી સરકારમાં જ શક્ય છે.

### મતદાન મથકો

● અનુસંધા છેલ્લાનું ચાલુ

પણ આવશે. અહિ પોલીસથી લઈ પ્રિસાઈડીંગ ઓફિસર તરીકે મહિલાઓ હશે.

જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર આવે છે અને દરેક વિધાનસભા દીઠ પાંચ મહિલા મતદાન મથકો બનાવાશે. દહેગામમાં નાંદોલ ખાતે બે, તેમજ દહેગામ શહેરમાં ત્રણ મતદાન મથકો પસંદ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર (દ)માં આલમપુર, ઈસનપુર મોટા, મગોડી, રાંદેસણ, તારાપુરનો સમાવેશ થાય છે. જ્યારે ગાંધીનગર (ઉ) બેઠક માટે પાંચેય મતદાન મથકો ગાંધીનગર શહેરમાં બનાવાશે. માણસામાં ઉમીયાનગર, ગુલાબપુરા, માણસા શહેરમાં બે અને ભીમપુરા ખાતે બનાવાશે. આજ પ્રમાણે કલોલ શહેરમાં પાંચ મહિલા મતદાન મથક બનાવાશે.

### ડ્રાઈવીંગ ટ્રેક

● અનુસંધા છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં ટ્રાફિકના નિયમોના પાલન માટે દંડ વસુલતા આર ટી ઓ તંત્રની કચેરી પાસે જ બિન્દાસ્ત રીતે નિયમોનુ ઉલ્લંઘન થતુ હોવાના દ્રશ્યો સર્જાય છે. બીજીતરફ કચેરીમાં આવતા અરજદારોએ પણ અવ્યવસ્થાનો ભોગ બનવાની નોબત આવી છે. આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકના આધારે કસોટી લઈને વાહનચાલકોને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. પરંતુ આ ટ્રેક જ વારંવાર બંધ રહેતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના લીધે લાયસન્સની કાર્યવાહી માટે આવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં લાયસન્સ માટે આવતા અરજદારોને ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટ આપવાનો હોય છે. જયારે આ ટ્રેક માટે સર્વર સહીતના પાંચ કોમ્પ્યુટર પણ છે. જેના આધારે આ ટેસ્ટ લેવાય છે.પંરતુ આ કોમ્પ્યુટરો બંધ રહેતા હોવાથી ટ્રેકની કામગીરી પણ અટકી જાય છે. જેના લીધે લાયસન્સની કાર્યવાહી માટે આવતા અરજદારોએ પણ ધક્કો ખાવો પડે છે.આવા સંજોગોમાં કચેરીમાંથી યોગ્ય જવાબ પણ તેમને મળતો નથી. આકરી ગરમીમાં ધક્કે ચઢતા અરજદારોમાં ઘોર નારાજગી પ્રવર્તી છે.

### હિસાબ રજૂ

● અનુસંધા છેલ્લાનું ચાલુ

દ્વારા ખાસ તાલિમ પણ આપવામાં આવી હતી.

ઉમેદવારોએ આજે રજુ કરેલા ખર્ચ અને શેડો રજીસ્ટરમાં જે પ્રમાણે ખર્ચ જણાયો છે તેને લઈ ભારે વિસંગતતાઓ જણાઈ હતી. આથી આ મુદ્દાઓને લઈ સ્પષ્ટતા હવે પછી બીજા તબક્કાના હિસાબો રજુ કરાય ત્યારે કરવા માટે જણાવાયુ હોવાનું જાણવા મળેલ છે.

આજે જે બે અપક્ષ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા તેમની ગેરહાજરી અંગે હવે વિધિવત્ રિપોર્ટ ચૂંટણી અધિકારીને કરી તેમને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

### અમિત શાહ

● અનુસંધા છેલ્લાનું ચાલુ

પક્ષના આગેવાનોનો પણ ઉત્સાહ બેવડાયો છે. જયારે તા ૧૪ એપ્રિલના રોજ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ ગાંધીનગર તેમજ કલોલમાં આવશે. અમિત શાહના આગમનને અનુલક્ષી કાર્યકરો તેમજ પક્ષના આગેવાનોએ જરૂરી તેયારીઓ પણ કરી લીધી છે. અમિત શાહ ગાંધીનગરના કાર્યાલય ખાતે પક્ષના કાર્યકરો સાથે બેઠક કરશે તા ૧૪ મી એ સાંજે ૫ કલાકે ગાંધીનગર આવ્યા બાદ કાર્યકર્તાઓ સાથેની વાતચીતના અંતે કલોલમાં રોડ શો માટે જશે. કલોલમાં પણ અમિત શાહના રોડ શો ને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કલોલમાં રોડ શો દરમિયાન લોકસંપર્ક કરશે રોડ શો માં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે. રોડ શો ના અંતે પંચવટી વિસ્તારમાં જાહેર સભાને પણ સંબોધશે. લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગરમાં હજુ રાજકીય માહોલ જામ્યો નથી. અમિત શાહ ફોર્મ ભરવા માટે આવ્યા ત્યારે નગરમાં કેસરિયો માહોલ છવાઈ ગયો હતો. જયારે ચુંટણીના દિવસો નજીક આવી રહ્યા છે. ત્યારે હજુ પણ શહેરમાં ચુંટણી પ્રચારનો જુસ્સો કે મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળતો નથી. ત્યારે અમિત શાહના આવવાના હોવાથી કાર્યકરો સહીત પક્ષના આગેવાનોમાં પણ ચુંટણીલક્ષી ઉત્સાહ અને ગતિવિધિઓ તેજ બની છે. જો કે કલોલના રોડ શો ઉપરાંત તેઓ ગાંધીનગર ઉત્તરમાં લોકસંપર્કની સાથે નગરની સામાજિક સંસ્થાઓ સાથે પણ બેઠક કરશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના કાર્યકરો સાથે પણ બેઠક કરશે.

### રસ્તાના કામો

● અનુસંધા છેલ્લાનું ચાલુ

વાઈડનીંગનુ અધુરુ કામ પણ પુર્ણ કરાશે. આ ઉપરાંત શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોના કામ પણ અધુરા છે. જુના સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્રએ કરેલી દરખાસ્ત લાંબા સમયથી વિભાગ કક્ષાએ ધુળ ખાય છે .ત્યારે સેકટરોના આંતરિક માર્ગોની કામગીરી પણ ઝડપથી થાય તેવી લોકલાગણી પ્રબળ બની છે. સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી સંદર્ભે અગાઉ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવી નથી. જો કે આંતરિક રસ્તાઓની કામગીરી ચોમાસા બાદ હાથ ધરાય તેવી સંભાવના છે.

### અલ્પેશ ઠાકોર

● અનુસંધા છેલ્લાનું ચાલુ

ઠાકોરનું ધારાસભ્ય પદ રદ થશે. કોંગ્રેસ પક્ષ દ્વારા આજે અલ્પેશ ઠાકોરને બિહારના સહપ્રભારી પદેથી હટાવાયા છે અને તેના સ્થાને અજય કપૂરને બિહારના સહપ્રભારી બનાવાયા છે. અલ્પેશ ઠાકોરે ગઈકાલે દિયોદરની સભામાં કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા કે, કોંગ્રેસે વિશ્વાસઘાત કર્યો એટલે હવે તેમને તાકાત બતાવી દેવાનો સમય આવી ગયો છે. સંઘર્ષના સમયે જોડાયો અને અનેક સીટો પર ક્રાંતિ કરી બતાવી. ૮૦ ટકાથી વધુ મતદાન એક તરફી કરાવ્યું પરંતુ ૨૦૧૭ની ચૂંટણી બાદ ધીરે-ધીરે અવગણના કરી, નિયમો બતાવવા લાગ્યા, તોછડાઈભર્યું વર્તન થવા લાગ્યું, મેં શું ભુલ કરી એ મને સમજાતી નથી, જ્યાં દીવા હતા ત્યાં હેલોજન આપી, અરે અમે તો પ્રેમથી માગો તો સર્વસ્વ આપી દઈએ, અનેક બાબતોમાં ભેદભાવ જોયો, ટિકિટોમાં સોદા થતા હતા, ક્યાંક ભલામણ કરાતી હોય, એક બાબત ચોક્કસ જોઈ ઈમાનદાર અને મજબૂત લોકોને નબળા લોકો દબાવવાનો પ્રયત્ન કરે છે. કોંગ્રેસે વિશ્વાસઘાત કર્યો છે, તેમને હવે તાકાત બતાવવાનો સમય આવી ગયો છે. આપણા ઉમેદવારનું નિશાન ગેસનો બાટલો છે અને ઘણા લોકોમાં ગેસ ભરાઈ ગયો છે. ગેસના બાટલાથી તેમનો ગેસ નીકાળી દેવો છે. બીજાને હરાવવા અમે નથી નીકળ્યા. અમે તો જીતવા નીકળ્યા છીએ તેનો પાવર બતાવી દેવો છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ વિવાદમાં આવનાર અલ્પેશ ઠાકોર સામે હવે કોંગ્રેસ પણ આકરી કાર્યવાહી કરવાના મૂડમાં છે કારણ કે, અલ્પેશે તેનું રાજીનામું પહેલા મીડિયા સમક્ષ રજૂ કર્યુ પરંતુ કોંગ્રેસ પક્ષ સુધી પહોંચાડયુ નહી, તેને લઈને પણ તેના ઈરાદાઓ સામે ગંભીર સવાલો ઉઠયા છે. ગઈકાલે અપક્ષ ઉમેદવારના સમર્થનમાં પ્રચારમાં ઉતરી કોંગ્રેસ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ હવે અલ્પેશ ઠાકોરની મુશ્કેલી વધી શકે તેમ છે.

### ચૂંટણી રદ

● અનુસંધા છેલ્લાનું ચાલુ

રજૂઆત ધ્યાને લેવાઈ ન હતી. લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ-૩૩ થી ૩૬ સાથે વાંચતા ઉમેદવારી ફોર્મમાં ઉમેદવારે વિધાનસભા મતક્ષેત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. વળી, સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદા મુજબ પણ, જો ઉમેદવારી ફોર્મમાં ગંભીર ક્ષતિ હોય તો તેવા ઉમેદવારી ફોર્મ રદ કરવા પડે પરંતુ તત્કાલીન ચૂંટણી અધિકારીએ ભાજપની સરકાર હોઈ ભાજપના ઉમેદવારનું ફોર્મ જાણીબુઝીને દબાણવશ રદ કર્યુ ન હતું. જેના કારણે અરજદારને ભારે અન્યાય થયો હતો. ભાજપના ઉમેદવાર પછી અરજદારને સૌથી વધુ મતો મળ્યા હતા, તેથી ભાજપના ઉમેદવાર પબુભા માણેકનું ઉમેદવારી ફોર્મ ગેરકાયદે અને રદબાતલ થવાપાત્ર ઠરતું હોઈ અરજદારને ચૂંટાયેલા અને વિજયી જાહેર કરવા જોઈએ.

### પંચને સોંપે

● અનુસંધા પહેલાનું ચાલુ

રૂપિયા હતી. પાર્ટીએ આમાથી ૫૧૧ ઈલેક્ટ્રોરલ બોન્ડ રિડિંગ કર્યા હતા જેની કિંમત ૨૨૧ કરોડ રૂપિયા રાખવામાં આવી હતી. ચૂંટણી પંચ તરફથી આને લઈને હવે તમામ રાજકીય પક્ષોને માહિતી આપવી પડશે. ચૂંટણી પંચે મહત્વપૂર્ણ માહિતી જારી કરવા માટે સુપ્રીમ કોર્ટ તરફથી સૂચના મળી ચુકી છે. ચૂંટણીમાં મતદાન જારી છે ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા લાલઆંખ કરવામાં આવતા રાજકીય પક્ષોને હવે સ્પષ્ટ માહિતી આપવી પડશે. પોલ બોન્ડમાં ભાજપને ૨૧૦ કરોડ રૂપિયા મળ્યા હતા જ્યારે અન્યોને ૧૧ કરોડ રૂપિયા મળ્યા હતા. ચૂંટણી પંચ તરફથી ઉપસ્થિત રહેલા સિનિયર એડવોકેટ રાકેશ દ્વિવેદીએ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ દિપક ગુપ્તા તેમજ સંજીવ ખન્નાની બનેલી બેંચને માહિતી આપી હતી. અરજીદારો દ્વારા કેટલીક સ્પષ્ટ માંગ કરવામાં આવી હતી.

### મૌન કેમ

● અનુસંધા પહેલાનું ચાલુ

અમારા જવાનો જવાબી કાર્યવાહીની માંગ કરતા હતા પરંતુ સરકાર દ્વારા કોઈ કાર્યવાહી થતી ન હતી પરંતુ ચોકીદારની સરકાર પાકિસ્તાનના આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારવા માટે પોતાના સપૂતોને મંજુરી આપે છે. ભારતે હવે દુનિયાના દેશો સમક્ષ મદદની માંગ કરવાનું બંધ કરી દીધું છે. પોતાની તાકાતનો પરિચય ભારતે હવે આપવાની શરૂઆત કરી છે.

શરદ પવાર ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, વર્ષો પહેલા દેશની ભાવનાઓને સમજીને કોંગ્રેસ સાથે છેડો ફાડી લેનાર શરદ પવાર હવે એજ કોંગ્રેસ સાથે બેઠા છે. કોંગ્રેસ સાથે હાથ મિલાવી દીધા છે. પવાર એવા લોકો સાથે જે કહી રહ્યા છે કે, જમ્મુ કાશ્મીરને ભારતથી અલગ કરી દેવામાં આવશે. અલગ વડાપ્રધાન બનાવવામાં આવશે. કોંગ્રેસ પાસેથી કોઈ આશા નથી કારણ કે, તમામ પાપ વિતેલા વર્ષોમાં તેમના દ્વારા જ કરવામાં આવ્યા છે પરંતુ શરદ પવાર પાસેથી આવી અપેક્ષા રાખી શકાય નહીં. કારણ કે, વર્ષો પહેલા પવારે કોંગ્રેસ સાથે છેડો ફાડી લીધો હતો. હવે જ્યારે દેશમાં બે વડાપ્રધાનની વાત થઈ રહી છે ત્યારે પવાર શાંત કેમ છે તે સમજાતુ નથી. શરદ રાવની પાર્ટીનું નામ રાષ્ટ્રવાદી રાખવામાં આવ્યું છે પરંતુ હવે જનતાની આંખમાં ધૂળ નાંખવાનું કામ કરી રહ્યા છે. છત્રપતિ શિવાજીની ધરતીના હોવા છતાં તેમને ઊંઘ કેમ આવી રહી છે.